R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ? (હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 29 DATE: 21-07-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## મોદી સરકારના રાજમાં૧૯ મંત્રાલયોએ રૂ.૧૧૭૯ કરોડના કૌભાંડો આચર્યા :સીએજીના અહેવાલ મુજબ

દેશના ૧૯ મંત્રાલય અને તેમને આધીન સંચાલિત ઈન્સ્ટિટ્યુટમાં નિયમ-કાયદા દુર કરી દેવામાં આવ્યા. કેટલાક વિભાગોમાં અનાવશ્યક પૈસા ખર્ચવામાં આવ્યા તો કેટલાક ઠેકાણે નિયમ-કાયદાને નેવે મુકીને કરોડોની મહેસુલને ફટકો પડ્યો. સીએજીના ૨૦૧૮ના રિપોર્ટ પ્રમાણે નંબર ચાર પ્રમાણે આ ૧૯ મંત્રાલયમાં ૧૧૭૯ કરોડ રુપીયાની નાણાંકીય ગેરરીતી થઈ છે. ૪ એપ્રિલ,૨૦૧૮ના સંસદમાં રજુ થયેલા આ રિપોર્ટ પ્રમાણે ગેરરીતીઓ માર્ચ ૨૦૧૭ સુધીના નાણાંકીય દસ્તાવેજોની તપાસ બાદ પકડાઈ.

સૌથી વધુ માનવ સંશાધન અને વિકાસ મંત્રાલયમાં નિયમોને નેવે મુકીને કામ કરવામાં આવ્યા.એ પછી વિદેશ મંત્રાલય, સુચના અને પ્રસારણ,સ્વાસ્થ અને પરિવાર કલ્યાણ, સંસ્કૃતિ, ઉપભોક્તા, મિનિસ્ટ્રી ઓફ કોમર્શ અને ઈન્ડસ્ટ્રી વગેરે.મંત્રાલયોમાં મની મેનેજમેન્ટ ખર્ચ સાથે જોડાયેલી ગરબડ જોવા મળી. દેશની સૌથી મોટી ઓડિટ એજન્સીએ જનરલ ,સોશિયલ અને રેવન્યુ સેકટર સાથે સંકળાયેલા ૪૬ મંત્રાલય અને વિભાગોનું ઓડિટ કરવામાં આવ્યુ તો એમાંથી કુલ ૧૯ મંત્રાલયોમાં ગરબડના ૭૮ મામલા પકડવામાં આવ્યા.

સીએજીના રિપોર્ટ પ્રમાણે પોતે જ બનાવેલી કલમો અને નિયંત્રણોને મંત્રાલયે નેવે મુક્યા હતા.પરિયોજનાઓ અનેબજેટ મેનેજમેન્ટમાં બેદરકારી વર્તવામાં આવી. બજેટ ખર્ચ પર જાણે નિયંત્રણ જ નરહ્યુ હોય.તમામ મંત્રાલયો અને વિભાગોમાં સ્ટાફને ગેરકાયદે પેમેન્ટ કરવામાં આવ્યું. ભુતકાળમાં થયેલા ઓડીટ અને ગરબડો તરફ સીએજીએ ઈશારો કર્યો હતો.સીએજીના ઓડીટમાં અનેક ક્ષતિઓ બહાર આવે છે અને સીએજી સરકારનો કાન આમળવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સરકારમાં બેઠેલા લોકો આ બધી બાબતો અસર કરતી નથી.

## મિશનરીઝ ઓફ ચેરીટીના ચાઇલ્ડ કેર સેન્ટરોની તપાસ કરવાના આદેશો અપાયા

ઝારખંડના રાંચી ખાતેના મિશનરીઝ ઓફ ચેરીટીના ચાઇલ્ડ કેર સેન્ટરમાં બાળકો વેચવામાં આવતાં હોવાના આરોપો બાદ હવે કેન્દ્ર સરકારે મિશનરીઝ ઓફ ચેરીટીના દેશભરમાં આવેલા ચાઇલ્ડ કેર સેન્ટરોમાં તપાસના આદેશો જારી કર્યા છે.પાંચમી જુલાઈએ ઝારખંડ પોલીસે રાંચી સ્થિત મિશનરીઝ ઓફ ચેરીટીના ચાઇલ્ડ કેર સેન્ટરની એક નન અને એક કર્મચારીની રુપીયા ૧.૨ લાખમાં એક દંપતીને બાળક વેચવાના આરોપસર ધરપકડ કરાઇ હતી. કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મેનકા ગાંધીએ દેશભરમાં આવેલા મિશનરીઝ ઓફ ચેરીટી સંચાલિત ચાઇલ્ડ કેર હોમની ચકાસણી કરવા રાજ્ય સરકારોને આદેશ જારી કર્યો છે.મેનકા ગાંધીએ આ ઉપરાંત એક મહિનાની અંદર દેશમાં ચાલતા તમામ ચાઇલ્ડ કેર સેન્ટરોની દેશની સર્વોચ્ચ સંસ્થા સાથે નોંધણી કરાવે તે સુનિશ્ચિત કરવા રાજ્ય સરકારોને સુચના આપી છે.

જુવેનાઇલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ અનુસાર દેશમાં તમામ ચાઇલ્ડ કેર સેન્ટરો માટે સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરીટી પાસે નોધણી કરાવવી ફરજીયાત છે. છતાં ૪૦૦૦ ચાઇલ્ડ કેર સેન્ટર અથવા અનાથાશ્રમ નોધણી વિના જ ચાલી રહ્યા છે.

## ભારતીય જનતા પાર્ટીએ હિંદુત્વનું તાલીબાનીકરણ કર્યુ છે :કોંગ્રેસી સાંસદ શશી થરુર

કોંગ્રેસી સાંસદ શશી થરુર ભાજપના યુવા મોરચા પર વળતો પ્રહાર કરતાં કહ્યુ હતું કે ભાજપના યુવા મોરચાએ હિંદુત્વનું તાલીબાનીકરણનો પ્રારંભ કર્યો છે.હિંદુ પાકિસ્તાની ટિપ્પણીથી ભાજપની ટીકાનો સામનો કરી રહેલા શશી થરુરે આવી ટિપ્પણી કરી હતી.તિરુવનંતપુરમના એક સમારંભમાં સંબોધન કરતાં થરુરે કહ્યુ હતું કે ભાજપના યુવા મોરચાના નેતાઓએ મને પાકિસ્તાન ચાલ્યો જવા કહે છે. હું હિન્દુ છું. અને મને ભારતમાં રહેવાનો અધિકાર નથી તેવું નક્કી કરવાનો અધિકાર તેમને કોણે આપ્યો છે ?શું તેમણે હિન્દુ ધર્મનું તાલિબાનીકરણ શરુ કર્યુ છે ?થરુરે જણાવ્યુ હતું કે ભાજપના નેતાઓ દ્વારા હિંદુ રાષ્ટ્ર નિર્માણની વાતો ઘણી ખતરનાક છે.તેમની આ વિચારધારા દેશને નષ્ટ કરી દેશે.ગયા સપ્તાહમાં થરુરે જણાવ્યુ હતું કે ૨૦૧૯માં જો ભાજપ ચુંટણી જીતી જશે તો દેશનું બંધારણ જોખમાશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેએ જણાવ્યુ હતું કે શશી થરુર પોતે તાલીબાની છે.તેમણે પાકિસ્તાન ચાલ્યા જવું જોઈએ.જો આ દેશમાં રહેવું હશે તો હિંદુત્વને ગાળ આપી શકશે નહીં. દેશને ગાળ આપી શકાશે નહીં.આ દેશમાં રહીને જો કોઈ હિંદુત્વને ગાળ આપે છે તો તેના માટે આ દેશમાં કોઈ સ્થાન નથી.સુપ્રીમ કોર્ટે પણ કહ્યુ છે કે હિંદુત્વ જીવન જીવવાનો માર્ગ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## લોકસભાના ૧૫ વર્ષ બાદ પહેલી વાર કોઇ સરકાર અવિશ્વાસની દરખાસ્તનો સામનો કરશે : મોદી સરકાર સામેના વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવને સ્પીકરની મંજુરી

૨૦૧૪માં કેન્દ્રમાં આવેલી ભારતીય જનતા પાર્ટીની સરકાર સામે વિપક્ષી સાંસદોએ રજુ કરેલી અવિશ્વાસનો પ્રસ્તાવ લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજને સ્વીકારી લીધો હતો. છેલ્લા ૧૫ વર્ષમાં પહેલી વાર કોઈ સરકાર અવિશ્વાસની દરખાસ્તનો સામનો કરશે.છેલ્લે ૨૦૦૩માં તત્કાલીન એનડીએ સરકારની સામે અવિશ્વાસની દરખાસ્તનો સામનો કરવાનો વખત આવ્યો હતો

તેલુગુ દેશમ પાર્ટીના સાંસદ કેસીનેની શ્રીનિવાસે રજુ કરેલ અવિશ્વાસનો પ્રસ્તાવ સ્પીકરે સ્વીકારી લીધો હતો.હવે તેમના નામે સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ થશે.તેમજ આજે તેની પર લોકસભામાં ચર્ચા કરવામાં આવશે.આખો દિવસ ચર્ચા બાદ મતદાન હાથ ધરાશે. જો કે સંસદમાં ભાજપ અને તેના સાથી પક્ષોની બહુમતી છે તેથી મતદાનમાં એનડીએની સરકારનો પરાજય થાય તેમ નથી.પરંતુ વિપક્ષોએ એનડીએ પર દબાણ વધારતાં સંસદમાં ગરમાવો રહેશે.

ચર્ચા દરમિયાન વિપક્ષોને સરકાર સામે વિવિધ મુદ્દે ઘેરવાનો સમય મળી જશે. અને અનેક પ્રશ્નો પર વિપક્ષો સરકાર પર પસ્તાળ પાડશે તે નક્કી છે.ભાજપે પોતાના સાંસદોને ત્રણ લીટીનો વ્હીપ જારી કર્યો છે.જેથી મતદાનમાં કોઈ પ્રકારની મુશ્કેલ સર્જાઈ શકે નહીં.

## હેટ ક્રાઇમના મુદ્દે દેશભરમાં યુપી મોખરે અને ગુજરાત બીજા નંબરે : એમનેસ્ટી રીપોર્ટ

માનવ અધિકાર પંચના સલાહકાર ગ્રુપ એમનેસ્ટી ઈન્ટરનેશનલના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ૨૦૧૮ના પહેલા ૬ મહિનામાં દેશમાં દલિતો,મુસ્લીમો અને આદીવાસીઓ,વંશીય અને ધાર્મિક રીતે લઘુમતી વર્ગના લોકો,તેમજ ટ્રાન્સજેન્ડર જેવા લોકો સાથે હેટ ક્રાઈમની ૧૦૦ જેટલી ઘટનાઓ ઘટી હતી.આવી ૧૮ ઘટનાઓ સાથે ઉત્તરપ્રદેશ મોખરે હતું. જ્યારે ૧૩ ઘટનાઓ સાથે ગુજરાત બીજા નંબરે હતું. રાજસ્થાનમાં ૮ ,તામિલનાડુંમાં અને બિહરામાં હેટ ક્રાઈમની ૭-૭ ઘટનાઓ નોધાઈ હતી.

હાપુરમાં મોહમંદ કાસિમ નામની વ્યક્તિની જુનમાં ટોળા દ્વાર ગૌહત્યાની શંકાને આધારે મારપીટ કરવામાં આવતાં તેની તપાસ વખતે આ વિગતો બહાર આવી હતી. આ ઘટનાના એક માત્ર જીવંત વ્યક્તિ ૬૨ વર્ષના સમયદીને કહ્યુ હતું કે ગૌહત્યાની ઘટના નહીં પણ રોડરેજને કારણે આ ઘટના બની હતી.પણ પોલીસ સાચી હકીકત છુપાવતી હતી.

યુપીના દાદરીમાં મોહમંદ અખલાક નામની વ્યક્તિને ટોળા દ્વારા માર મારીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા પછી માનવ અધિકાર પંચ દ્વારા દેશમાં બનતી આવી ઘટનાઓનું ડોક્યુમેન્ટેશન શરુ કરાયું હતું.સપ્ટે.૨૦૧૫માં ઘરમાં ગાયનું માંસ રાખવાના મુદ્દે અખલાકની હત્યા કરવામાં આવી હતી.આ પછી એમનેસ્ટી દ્વારા ચલાવવામાં આવતી હોલ્ટ ધ હેટ વેબસાઈટ પર હેટ ક્રાઈમના ૬૦૩ કિસ્સા નોધાયા હતા.૨૦૧૮ના પહેલા છ મહિનામાં દલિતો સામે હેટ ક્રાઈમના ૬૭ અને મુસ્લીમો સામે ૨૨ કિસ્સા નોધાયા હતા. હેટ ક્રાઈમાં ઓનર કીલીંગ અને ગૌહત્યાની શંકાને કારણે હત્યાની વધુ ઘટનાઓ નોધાઈ હતી.યુપી અને પશ્ચિમ યુપી આવી હેટક્રાઈમની ઘટનાના મધ્યબિંદુ હતા.

હેટક્રાઈમના મુદ્દે સરકારે અને પોલીસ તંત્ર દ્વારા કડકાઈ દાખવવામાં આવે તો ગુના ઓછા થવાનો સંભવ છે. પરંતુ પોલીસ તંત્ર દ્વારા તેને છાવરવાના પ્રયાસો ક્રાઈમમાં વધારો કરે છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

દરેક બાબતોમાં સુપ્રીમ કોર્ટે પોતાનું વલણ સ્પષ્ટ કરવાની ફરજ પડી રહી હોય તેમ લાગી રહ્યુ છે.ચાર જજોએ એકઠા મળીને જે કહ્યુ તે મુજબ દેશની લોકશાહી ખતરામાં છે તે ઉપરથી અંદેશો આવી ગયો કે દેશમાં સત્તાધારી પક્ષ શું કરવા માંગે છે. કાયદો વ્યવસ્થાને તોડી મરોડીને પોતાના કાયદાઓ પ્રસ્થાપિત કરવાની તેમના ઈરાદાઓ છે.

દેશમાં ગૌરક્ષા અને બાળકો ચોરવાના આરોપસર દેશમાં અલગ અલગ જગ્યાઓ પર ટોળાઓ દ્વારા થઈ રહેલ હત્યાઓ સામે સુપ્રીમ કોર્ટે આકરુ વલણ અપનાવ્યું છે.તેમજ સાથે સાથે જણાવ્યુ કે ટોળા દ્વારા કરાતી હત્યાઓને નવો ચીલો બનાવી ના શકાય. દેશમાં ટોળાશાહીને હાવી થવાની પરવાનગી આપી શકાય નહીં.કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની જવાબદારી સરકારની છે.દેશમાં જાતે બની બેઠેલા ગૌરક્ષકો કે બાળકો ચોરવાના આરોપસર ટોળાં દ્વારા આચરાતી હિંસાને કાબુમાં લેવા અને અપરાધીઓને સજા આપવા સંસદ નવો કાયદો ઘડે. સુપ્રીમે જણાવ્યુ હતું કે આ પ્રકારની ટોળાશાહીને લોખંડી હાથે કચડી નાંખવી જોઈએ. દેશનો કોઈ પણ નાગરિક કાયદો હાથમાં લઈ શકે નહીં કે જાતે કાયદો બની શકે નહીં.આવી ઘટનાઓને રોકવા માટે રાજ્ય સરકારોએ કડક પગલાં લેવા જરુરી છે.ટોળા દ્વારા કરાતી હત્યા એ એક અપરાધ જ છે.સુપ્રીમ કોર્ટની સરકારને આ એક પ્રકારની ફટકાર છે. પરંતુ અપરાધીઓ સરકારના જ માનીતાઓ છે. તેમને અટકાવવા તેમના હાથની વાત નથી.તાજેતરમાં બનેલી ઘટનાઓ સ્વામી અગ્નિવેશ અને સાંસદ શશી થરુર ની સાથે બનેલી ઘટનાઓ ટોળાશાહી દ્વારા આચરાયેલી ઘટનાઓ હતી. જેમાં સ્વામી અગ્નિવેશ પર હુમલો કરીને તેમને મારવામાં આવ્યા અને આ આખું ટોળું કોનું હતું તે સહુ કોઈ જાણે છે. શરુ થરુર ની ઓફીસ પર કરાયેલ હુમલા અને તેમને મળેલ મોતની ધમકી પાછળ કોણ છે. કેન્દ્રીય મંત્રીમંડળના એક મંત્રીએ પણ તંમની આ રીતની કરેલ આકરી ટીકા હુમલાખોરો માટે વજનદાર બની જાય છે.

અત્યાર સુધીમાં એવું કહેવાતું હતું કે ટોળામાં કોઈને ટાર્ગેટ બનાવાય પછી તે વ્યક્તિ,વ્યક્તિઓ કે માલમિલકત પર ટોળા સામે ગુનો નોધાય છે પછી તેમાં કોઈ વ્યક્તિનું નામ આવતું નથી તેથી ગુનો પુરવાર થતો નથી.અને સહેલાઈથી ટાર્ગેટ પુરો થઈ જાય છે.મોટા ભાગના હુમલાઓમાં આ રીત અપનાવાઈ છે.પછી તે લઘુમતિઓ હિંસક હુમલા હોય, મિલ્કતોની તોડફોડ,આગજની હોય કે પછી અન્ય કોઈ પ્રકારની માનહાનિ હોય પરંતુ પોલીસ આવા ગુનાઓમાં ટોળા ઉપર ગુનો નોંધીને અપરાધીઓને ખાસ સવલતો આપતી હોય છે પરંતુ તેઓ સત્તાધારી પક્ષના નિકટજનો હોય તો.ભાજપના સત્તાસ્થાને આવ્યા બાદ આવા હુમલાઓની સંખ્યા વધી છે.વ્યક્તિગત દુશ્મનીનો પણ હિસાબ આવી રીતે ચુકવાતો ગયો છે. સુપ્રીમે બહુ મોડી આ બાબતે નોંધ લીધી. પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રીએ આ રાજ્યોનો વિષય હોવાનું કહીને પોતાની જાતને ખંખેરી નાંખી છે.બહુ બહુ તો દેખાવ ખાતર રાજ્યોને પત્ર લખીને તેઓ આશ્વાસન આપશે કે તેમણે તેમની કામગીરી પુર્ણ કરી દીધી છે.ખરેખર લોકશાહીને બચાવવી હોય તો સખ્ખાઈ વર્તવી પડશે.નહિતર દેશ કહેવાતી લોકશાહી અન્યથા સરમુખત્યારશાહી તરફ ધકેલાઈ ગયેલો દેશ ગણાશે.

---

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.

ભારતીય વાયુસેનાની સ્થાપના બ્રિટીશરો દ્વારા ૮ ઓકટો.૧૯૩૨ના રોજ કરવામાં આવી હતી.




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સોશ્યલ મીડીયા પર સરકાર નાગરિકોની માહિતી ટ્રેક કરીને દેશમાં જાસુસી રાજ લાવશે : સુપ્રીમ કોર્ટ

ઓનલાઈન ડેટા પર નજર રાખવા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સોશ્યલ મીડીયા હબની રચના કરવાના નિર્ણયની ગંભીર નોધ લેતા સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે સરકારનો નિર્ણય દેશને સર્વેલન્સ સ્ટેટ બનાવી દેશે.સરકાર નાગરિકોના વોટ્સએપ મેસેજની જાસુસી કરવા માંગે છે.સુપ્રીમ કોર્ટે સરકારને આ મામલામાં બે સપ્તાહમાં જવાબ આપવા નોટિસ પાઠવી છે.

તુલણુલ કોગ્રેસના ધારાસભ્ય મહુઆ મોઈત્રાની અરજી પર સુનાવણી કરતાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડની બેન્ચે સરકારને નોટીસ પાઠવી આ મામલામાં એટર્ની જનરલ કે.કે.વેણુગોપાલચની મદદ માંગી છે.બેન્ચે સરકારના નિર્ણયની ગંભીર નોધ લેતા જણાવ્યુ હતું કે સરકાર નાગરિકોના વોટ્સએપ મેસેજની ચકાસણી કરવા માંગે છે.આ રીતે સરકાર આખા દેશ પર જાસુસી કરવાની ઈચ્છા ધરાવે છે.અરજકર્તા મોઈત્રા વતી હાજર રહેલા સીનીયર એડવોકેટ એ.એમ.સિંઘવીએ કોર્ટને જણાવ્યુ હતું કે સરકારે આ પ્રસ્તાવ માટે નિવિદા બહાર પાડી છે.અને ૨૦મી ઓગષ્ટે આ નિવિદા ખોલાશે.સરકાર સોશિયલ મીડીયા હબની મદદથી સોશિયલ મીડીયાના કન્ટેન્ટને પોતાના નિયંત્રણમાં રાખવા માંગે છે.સિંઘવીએ કહ્યુ હતું કે સરકાર ટ્વિટર,ફેસબુક,ઈન્સ્ટાગ્રામ અને ઈમેલમાં નાગરિકોની માહીતીને ટ્રેક કરીને નિયંત્રણમાં લાવવા માંગે છે.

જવાબમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે સરકાર સોશ્યલ મીડીયા હબનું ટેન્ડર ૨૦ ઓગષ્ટે ખોલાય તે પહેલાં ૩ ઓગષ્ટના રોજ આ મામલાની વધુ સુનાવણી કરાશે. એટર્ની જનરલ અથવા અન્ય કોઈ કાયદા અધિકારી આ મામલામાં અદાલતને મદદ કરશે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સોશિયલ મીડીયા હબની રચનાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે.તેના દ્વારા ડીજીટલ અને સોશ્યલ મીડીયા કન્ટેન્ટને એકત્ર કરાશે.અને સમીક્ષા કરવામાં આવશે.તાજેતરમાં આ પ્રોજેક્ટ માટે સોફટવેર હાંસલ કરવા ટેન્ડર જારી કરાયું છે.ટેન્ડરમાં જણાવવામાં આવ્યુ છે કે સરકારને તમામ સોશ્યલ મીડીયા અને ડીજીટલ પ્લેટફોર્મ પરથી માહિતી એકત્ર કરી શકે તેવા ટેકનોલોજી પ્લેટફોર્મની જરુર છે.આ પ્રોજેકટ અંતગર્ત દરેક જિલ્લામાં પત્રકારોને કોન્ટ્રાકટ બેઝ પર નિયુક્ત કરાશે જે સરકારની આંખ અને કાન તરીકે ફરજ બજાવશે

---

# મધર ટેરેસાને અપાયેલ ભારત રત્ન પુરસ્કાર પાછો ખેચવા માટેની સંઘ પ્રચારકની માંગને ભાજપી સાંસદ સ્વામીનો ટેકો

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના દિલ્હી ખાતે પ્રચાર પ્રમુખ રાજીવ તુલીએ જણાવ્યુ હતું કે મધર ટેરેસાને તેમના સખાવતી કામોને માટે એનાયત થયેલો ભારત રત્નનો પુરસ્કાર પાછો લઈ લેવો જોઈએ.ઝારખંડ રાંચી સ્થિત મિશનરીઝ ઓફ ચેરીટી સંસ્થામાં બાળકોને વેચવાના રેકેટ અંગેના તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા અહેવાલો જો સાચા હોય અને તે પુરવાર થાય તો મધર ટેરેસાને તેમના સખાવતી કામો માટે અપાયેલ ભારત રત્ન પુરસ્કાર પાછો ખેચી લેવો જોઈએ.

વેટિકન દ્વારા ગયા વર્ષે સંતની ઉપાધી પ્રાપ્ત કરનાર મધર ટેરેસાએ ક્યારેય લોકોના કલ્યાણ માટે કામ કર્યુ નહોતું તેમનો એક માત્ર એજન્ડા ધર્મપરિવર્તનનો હતો.ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ જણાવ્યુ હતું કે હું તુલીને ૧૦૦ ટકા સમર્થન આપું છું.મધર ટેરેસાના સેવાકાર્યો એક આંચળો હતો. જો તમારી પાસે મધર ટેરેસાના અપરાધોના આટલા બધા પ્રમાણ હોય તો શા માટે તેવી વ્યક્તિને નોબલ પુરસ્કાર આપવો જોઈએ.

જો કે મધર ટેરેસાએ કરેલા કામોની ચર્ચા કરવા કરતાં આ બે મહાનુભાવોએ તેમની લીટી મોટી કરવા માટે મધર ટેરેસાએ કરેલા કામો કરતાં વધુ મોટા સખાવતી કામો કરવા જોઈએ.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યુ હતું કે મિશનરીઝ ઓફ ચેરીટીને બદનામ કરવા માટેના મલિન પ્રયાસ થઈ રહ્યા છે.મધર ટેરેસાએ મિશનરીઝ ઓફ ચેરીટીની સ્થાપના કરી હતી.હવે સંઘ અને ભાજપ તેમને બદનામ કરવાના મલિન પ્રયાસો પર ઉતરી આવ્યો છે.


**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

## કેર કોમ્પ્યુટર સેન્ટર

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧



## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



## સમાજમાં દહેજનું દુષણ ડામવા માટે બંને પક્ષના પરિવાર માટે લગ્નના ખર્ચનો હિસાબ ફરજીયાત રાખવાનો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

સમાજમાં પ્રવર્તતા દેહજના દુષણનાં દુષણ પર લગામ કરવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પરિવારો માટે લગ્નનો ખર્ચ જાહેર કરવાનું ફરજીયાત કરવા પર વિચારણા કરવા જણાવ્યુ છે.સુપ્રીમ કોર્ટના અનુસાર બંને પક્ષો દ્વારા લગ્નમાં થતા ખર્ચાઓની વિગતો લગ્ન અધિકારી સમક્ષ રજુ કરાય તે માટે સરકારે કાયદામાં સુધારા કરવા ચકાસણી કરવી જોઈએ.સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નોટીસ પાઠવી સરકારના મંતવ્યો જાણવા માટે કાયદા અધિકારીની સહાય માંગી છે.સુપ્રીમે જણાવ્યુ હતું કે અમે સરકારને નોટીસ પાઠવી છે અને વિદ્વાન અધિક સોલીસીટર જનરલ પી.એસ નરસિહાને અદાલતને મદદ કરવા વિનંતી કરી છે.સુપ્રીમ કોર્ટે દહેજની માંગણી અંગેના કેસની સુનાવણી કરતાં ઉપરોક્ત આદેશ જારી કર્યો હતો.કેસમાં પત્નીએ પતિ તથા તેના પરિવારજનો પર દહેજની માંગ સહિતના આરોપો મુક્યા છે. જ્યારે મહિલાના સાસરીયા પક્ષે દહેજની માંગ કરી હોવાના આરોપો નકારી કાઢ્યા છે.સુનાવણી દરમિયાન કોર્ટે અવલોકન કર્યુ હતું કે આ પ્રકારના કેસોમાં એક સમાન દહેજની માંગના આરોપો કરાતા હોય છે.આ પ્રકારના આરોપો અને દલીલો ઘટાડવા માટે કોઇ વ્યવસ્થા સ્થાપિત કરી શકાયસુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે લગ્નમાં થતા ખર્ચનો હિસાબ ફરજીયાત કરવાથી દહેજની માંગ ઘટશે. સાથે સાથે દહેજ પ્રતિબંધક કાયદા અંતગર્ત થતા ખોટા કેસોની સંખ્યામાં પણ ઘટાડો થશે.લગ્નજીવનમાં દહેજની માંગ અંગેના આરોપો અંગેના ભાવી વિવાદો નિવારવા જ્યુરિડીકશનલ મેરેજ ઓફિસરને બંને પરિવારો દ્વારા લગ્નમાં થયેલા ખર્ચનો હિસાબ સંયુક્ત રીતે રજુ કરાવવો જોઈએ કે કેમ તે સવાલ પર આપણે વિચારણા કરી શકીએ છીએ.કોર્ટે તેના અવલોકનમાં જણાવ્યુ હતું કે ભવિષ્યના કેટલાક ચોક્કસ ખર્ચ માટે પત્નીના બેન્કખાતામાં લગ્નના ખર્ચનો કેટલોક હિસ્સો જમા કરવી શકાય

## રિઝર્વ બેન્કે ડિમાન્ડ ડ્રાફ્ટના નિયમોમાં ફેરકાર કરતાં ખરીદનારાના નામનો ફરજીયાત ઉલ્લેખ કરવો પડશે.

આરબીઆઇએ ડિમાન્ડ ડ્રાફ્ટ(ડીડી)ના નિયમોમાં ફેરફાર કર્યો છે.આરબીઆઇએ હવેથી ડિમાન્ડ ડ્રાફ્ટ પર બનાવનારના નામનો ઉલ્લેખ કરવો અનિવાર્ય બનાવી દીધો છે.બેન્ક શાખામાંથી ડિમાન્ડ ડ્રાફ્ટ ખરીદનારનુંનામ ડીડીની આગળ લખવું પડશે.આરબીઆઇ દ્વારા જારી નોટીફીકેશનમાં કહેવામાં આવ્યુ છે કે ડિમાન્ડ ડ્રાફ્ટની ખરીદી કરનારનું નામ જાહેર ન થવાને કારણે અનેક સમસ્યાઓ પેદા થઈ રહી હતી તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ડીડીમાં નામ ન હોવાને કારણે મની લોન્ડરીંગમાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે.તેથી આરબીઆઇએ ડીડીના આગળના ભાગે ખરીદનારનું નામ અનિવાર્ય લખવાનો નિયમ બનાવ્યો છે.નવો નિયમ ૧૫ સપ્ટે.૨૦૧૮થી લાગુ થશે. હાલના નિયમાનું સાર અત્યાર સુધી ડીડીમાં ફકત એ સંસ્થા અથવા વ્યક્તિના નામનો ઉલ્લેખ કરવામાં આવતો હતો.જેને ચુકવણી કરવાની હોય છે.અગાઉ રોકડ ચુકવણી દ્વારા ડીડી બનાવવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. આરબીઆઇએ નો યોર કસ્ટમર(કેવાયસી)નિયમમાં પણ સુધારો કર્યો છે.કેવાયસીના માસ્ટર ડાયરેક્શનના નિયમ ૬૬માં ફેરફાર કર્યો છે તેમાં ડિમાન્ડ ડ્રાફ્ટ,પે ઓર્ડર,બેન્કર્સ ચેક બનાવનાર અને નાણાં સ્વીકારનાર એમ બંનેનું નામ લખવું પડશે તેવી જોગવાઇ કરવામાં આવી છે.

## રૂપિયાની નબળાઇએ દેશમાં રિટેલ મોઘવારીને વકરાવી : ઔદ્યોગિક ઉત્પાદન નીચલા સ્તરે પહોચ્યું

દેશનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે તેવા સરકારી દાવાઓ સામે જુન મહિનાણાં છુટક મોંઘવારીનો દર વધીને છેલ્લા પાંચ મહીનાની ટોચ પર પહોચી ગયો છે. મે મહિનામાં ૪,૮૭ ટકા નોધાયો હતો.રિઝર્વ બેન્ક દ્વારા ફુગાવાના દરને ચાર ટકાની સપાટી પર જાળવી રાખવાનો લક્ષ્યાંક હતો પરંતુ છેલ્લા આઠ મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો ૪ ટકાથી ઉંચો રહ્યો છે. જુન મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો ૩.૧૮ ટકા રહ્યો હતો.મે મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો૩.૩૭ ટકા નોધાયો હતો. ઈંધણ અને વીજળીના સેગ્મેન્ટમાં રિટેલ ફુગાવો જુન મહિનામાં ૭.૧૪ ટકા પર પહોચ્યો છે.આદ્યોગિક મોરચે પણ નિરાશા પ્રાપ્ત થઈ છે. મે મહિનામાં ઔદ્યોગિક વિકાસદર એપ્રિલના ૪.૯ ટકાથી ઘટીને ૩.૨ ટકા પર ગગડી ગયો હતો.મેન્યુફેક્ચરીંગ સેકટરમાં વિકાસદર૨.૮ પર ગગડ્યો હતો.જે એપ્રીલમાં ૪ ટકા નોધાયો હતો.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ભારતીય વાયુસેનાની સ્થાપના બ્રિટીશરો દ્વારા ૮ ઓકટો.૧૯૩૨ના રોજ કરવામાં આવી હતી.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## ઇરાનની ભારતને ધમકી, અમેરિકાને સાથ આપશો તો નુકશાન ભોગવવા તૈયાર રહો

ઈરાને તેના વ્યુહાત્મક ચા બહાર બંદરના વિસ્તરણમાં મુડી રોકાણ કરવા માટે આપેલા વચનનું પાલન નહી કરવા માટે ભારતની આકરી ટીકા કરતાં જણાવ્યુ હતું કે જો નવી દિલ્હી ઈરાનમાંથી ક્રુડ ઓઈલની આયાત ઘટાડશે તો ભારતને અપાયેલા વિશેષાધિકાર ગુમાવી દેશે. ઈરાનના ભારત ખાતેના નાયબ રાજદુત મસીદ રેઝવાનિયન રહાયીએ જણાવ્યુ હતું કે ભારત સાઉદી અરબ,રશિયા,ઈરાક અને અમેરીકા પાસેથી ક્રુડ ઓઈલની ખરીદી કરી ઈરાન પાસેથી ક્રુડની આયાત ઘટાડશે તો ઈરાન ભારતને અપાયેલા વિશેષાધિકારનો અંત લાવી દેશે.તેમણે જણાવ્યુ હતું કે ચાબહાર બંદરના વિસ્તરણ માટે મુડી રોકાણ કરવાના વચનોનું પાલન ભારત સરકારે કર્યું નથી.અને ભારત સરકાર દ્વારા બંદરની સાથે સંકળાયેલા પ્રોજેક્ટ પણ પુરા કરાયા નથી જે એક દુર્ભાગ્યપુર્ણ બાબત છે.ચાબહાર બંદર વ્યુહાત્મક દષ્ટ્રિએ અત્યંત મહત્વનું છે. અમે આશા રાખીએ છીએ કે આ સંદર્ભમાં ભારત જરુરી પગલાં ભરશે.

ભારત અને ઈરાન વચ્ચેના દ્વિપક્ષીય સબંધો પરના એક સેમીનારમાં બોલતાં રાહધીએ જણાવ્યુ હતું કે અમેરિકાએ ઈરાનમાંથી ક્રુડ આયાત કરવા પર પ્રતિબંધ લાદ્યા છે. ઈરાન હંમેશાથી ભારત માટે વિશ્વાસપાત્ર એનર્જી પાર્ટનર દેશ રહ્યો છે.ઈરાન તેના ગ્રાહકોના હિતોની જાળવણી કરતાં હંમેશા ક્રુડતેલની વાજબી કિંમતો વસુલે છે.

ઈરાન ભારતની ઓઈલ જરુરીયાત પુરી કરવામાં ત્રીજો મહત્વનો દેશ છે.ઈરાક અને સાઉદી પછી ઈરાન ભારતનો ત્રીજો સૌથી મોટો સપ્લાયર દેશ છે.અમેરિકાએ ભારતને ઈરાનમાંથી ક્રુડ ઓઈલની આયાત અટાકાવવા માટે દબાણ કર્યું છે.

ભારતની વિદેશ નીતિ માટે હવે પરિસ્થિતિ વિકટ બની છે.એક બાજુ અમેરિકા ભારતને ઈરાનમાંથી થતી આયાતો અટકાવવાનું દબાણ કરી રહ્યું છે અને વિશ્વ સ્તરે ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડ વોરને કારણે વૈશ્વિક આર્થિક સમસ્યાનો સામનો ભારતે કરવાનો છે.દેશમાં આર્થિક પરિસ્થિતિ ગંભીર બની રહી છે.ભાજપની સરકારને છેલ્લા ચાર વર્ષમાં કરતાં છેલ્લા એક વર્ષમાં સૌથી વધુ વિકટ સમસ્યાનો સામનો કરવાનો છે. ૨૦૧૯ની ચુંટણીમાં ભાજપે જીતવું જરુરી છે પરંતુ વિદેશ નીતિને કારણે સરકારે અનેક સંકટોમાંથી ગુજરવું પડશે.

## તાજમહેલના રખરખાવ બાબતે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઉદાસીનતાના મુદ્દે કડક ઝાટકણી કાઢી

કેન્દ્ર સરકારની નીતિઓથી રોષે ભરાયેલી સુપ્રીમ કોર્ટે તાજ મહેલની જાળવણીના મુદ્દે આકરી ઝાટકણી કાઢી હતી.અને કહ્યુ હતું કે મધ્યકાલીન ઐતિહાસીક સ્મારકને જાળવવાનો કેન્દ્રનો હેતુ નિરાશાજનક છે. સુપ્રીમે તાજ મહાલની જાળવણી અને સુરક્ષા અંગે વિઝન ડોક્યુમેન્ટ તૈયાર નહીં કરવા બદલ ઉત્તર પ્રદેશ સરકારની પણ આકરી ટીકા કરી છે.તમે તાજને બંધ કરી શકો છો. જો તમને એ ના ગમતો હોય તો તેને તમે તોડી પાડી શકો છો. તેમ દેખીતી રીતે રોષે ભરાયેલા જસ્ટીસ મદન લોકુર અને જસ્ટીસ દીપક ગુપ્તાએ કેન્દ્ર સરકારને કહ્યુ હતું. ઉત્તર પ્રદેશની સરકારને કાંઈ પડી નથી. હજુ સુધી તેના માટે કોઈ વિઝન દસ્તાવેજ પ્લાન આવ્યો નથી.તેમ ખંડપીઠે કહ્યુ હતું.તાજમહેલના સંરક્ષણ માટે એપેક્ષ કોર્ટે નિગરાની રાખી રહી છે.૧૬૪૩માં મુગલ બાદશાહ શાહજહાંએ બનાવેલા તાજમહેલને યુનેસ્કોએ વર્લ્ડ હેરીટેજ સાઈટ જાહેર કર્યો છે.સુપ્રીમ કોર્ટે આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડીયાની પણ ઝાટકણી કાઢી હતી.નારાજ સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે એક તરફ ફ્રાંસના એફિલ ટાવરને જોવા વર્ષે આઠ કરોડ લોકો આવે છે જ્યારે તાજમહાલને જોવા પાંચ કરોડ આવે છે.તમારા કારણે દેશને નુકશાન થઈ રહ્યું છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ
એ. એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# દક્ષિણ આફ્રિકાના ગાંધીજી મદીબા(ગુરુ)નેલ્શન મંડેલા

ભારતમાં જે સ્થાન મહાત્મા ગાંધીનું છે. તે દક્ષિણ આફ્રિકામાં નેલ્શન મંડેલાનું છે.ગાંધી ભારતમાં બાપુ છે તેમ મંડેલા દક્ષિણ આફ્રિકામાં મદીબા (ગુરુ) તરીકે ઓળખાય છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા માટે બાપુ અને મદીબા બંને આદર્શ હતા.મદીબાનું જીવન જ બાપુના જીવનની માફક એક સંદેશો છે.૨૭ વરસ જેલમાં પથ્થરો તોડીને ગુજાર્યો અને દક્ષિણ આફ્રિકામાં લઘુમતિમાં હોવા છતાં રંગભેદની નીતિ ચલાવતા ગોરાઓના શાસનની હકુમતમાંથી મુક્તિ મેળવી. દુનિયા જ્યારે વૈચારિક પ્રગતિ કરી રહી હતી, ત્યારે દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ ચાલતી હતી.બીજી તરફ અમેરિકામાં માટીન લ્યુથર કિંગ કાળા લોકો સમાન ગણવા માટે લડી રહ્યા હતા.દક્ષિણ આફ્રિકામાં કાળા લોકોને લોકશાહીની સમાનતાના અધિકારો નહતા. દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ કોઇ એક સ્થળેથી આવ્યા ન હતા.તેમાં ડચ હતા.અંગ્રેજો હતા,બોઅર હતા અને બીજા યુરોપીયન પણ હતા.આથી દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજી સિવાયન બીજી યુરોપીયન તેમજ મિશ્રણવાળી ભાષા પણ બોલાય છે.ગાંધીજી એક સમયે એ મિશ્રણનો ભાગ હતા અને એ જ ગાંધીજીના સત્યાગ્રહે નેલ્સન મંડેલાને રંગભેદ ચલાવતી સરકારમાંથી મુક્તિ માટેનું આંદોલન ચલાવવાની પ્રેરણા આપી હતી.મંડેલાએ દોઢ બે સદીથી દ.આફ્રિકામાં વસી ગયેલા યુરોપીયનોને તેમના મુળ વતનમાં પાછા મોકલ્યા નહી, પણ તેઓના શાસનમાંથી મુક્તિ જરુર મેળવી.

આજે દ.આફ્રિકામાં ગોરી તેમજ મિશ્ર પ્રજાની સંખ્યા ખાસ્સી નોંધપાત્ર છે.માત્ર ગોરાઓની હકુમત હવે રહી નથી, છતાં ગોરાઓ સરકારમાં ઉચ્ચ સ્થાનો પર હજી પણ છે.દ.આફ્રિકાની ક્રિકેટ ટીમમાં પણ ગોરા ખેલાડીઓની સંખ્યા વિશેષ હોય છે. પણ તેમાં જે કાળા ખેલાડીઓ હોય છે તે મંડેલાના ૨૭ વર્ષના કારમા જેલવાસ બાદ શક્ય બન્યું છે. એ અગાઉ દક્ષિણ આફ્રિકાની ટીમમાં માત્ર ગોરા ખેલાડીઓને જ સ્થાન અપાતું હતું.

મદીબાએ યુવાનીમાં લડાયક મિજાજની રાજકીય ફિલોસોફી અપનાવી હતી.પણ બાદમાં મહાત્મા ગાંધીના પ્રભાવમાં આવ્યા અને અહિંસાવાદી અને માનવીય મુલ્યોને આધાર બનાવી એ પોતાની લડતમાં આગળ વધ્યા.રંગભેદની નીતિ નાબુદ થઇ ત્યાં સુધી જોહાનિસબર્ગમાં ગોરાઓનો એવો વિશાળ અલાયદો અને વૈભવી વિસ્તાર હતો જ્યાં કાળાઓ પ્રવેશ પણ કરી શકતા ન હતા. ગોરાઓની સરકારે અને ગોરી પ્રજાએ દ.આફ્રિકાને બેફામ લુંટ્યુ હતું. ત્યાંની સોનાની અને હીરાની ખાણો ખલાસ કરી નાંખી. એવા એ જુલ્મી શાસને મંડેલાને જેલમાં પુરી દીધા. પણ જેલમાંથી બહાર આવ્યા ત્યારે ગોરાઓ પ્રત્યે એમણે નફરત રાખી નહતી.ત્યાં સુધી કે કાળાઓ અને ગોરાઓએ મળીને પ્રથમ સરકાર બની તેના ભુતપુર્વ ગોરા પ્રમુખને એમણે વાઇસ પ્રેસિડેન્ટ બનાવ્યા.જીવનના છેલ્લા શ્વાસ સુધી મદીબા એમના ગોરા જુલ્મગારો સામે હસતા રહ્યા. મંડેલાએ જીવનમાં ક્યારેય ઉત્સાહ ગુમાવ્યો ન હતો.બે વરસ પહેલાં દ.આફ્રિકામાં ફુટબોલની વિશ્વકપ સ્પર્ધા યોજાઇ ત્યારે ઉદ્ઘાટન સમારંભ વખતે એમના પૌત્રનું અકસ્માતમાં મૃત્યુ થયું .પ્રજા દુઃખી થઇ ત્યારે મંડેલાએ તેમને સાંત્વના આપી હતી.એમના એક પુત્રનું એઇડસથી મૃત્યુ થયું હતું. પત્ની વિન્ની મંડેલા વિફરી હતી તો પણ તેમણે સ્વસ્થતા ગુમાવી ન હતી.

આજે ભારતમાં અને અન્યત્ર રાજકીય નીતીમત્તાનું ધોવાણ થયું છે.લોકશાહીના નામે અઠંગ ગુંડાઓ,બદમાશો દુનિયામાં રાજ કરતા જોવા મળે છે.ધોવાણ એટલું સાર્વત્રિક છે કે હવે કોસિારી વ્યક્તિ રાજપુરુષ તરીકે આવશે એવી આશા લોકોએ છોડી દીધી છે.આવા સમયમાં પણ નેલ્સન મંડેલા યાદ અપાવે છે કે નવનિર્માણ દરેક યુગમાં શક્ય છે.માત્ર નિષ્ઠા,ખંત અને ધીરજ હોવા જોઇએ.આ દક્ષિણ આફ્રિકાના પીટરારત્ઝબર્ગ રેલ સ્ટેશન પર મહાત્માને ગોરાઓ માટેની એક્સક્લુઝીવ બોગીમાંથી બહાર ફેંકી દેવાયા હતા. અને ત્યારે જ ભારતની આઝાદીનું બીજ રોપાયું હતુ. એ વડલો બન્યું અને તેની વડવાઇ મંડેલાના રુપમાં ફરી દ.આફ્રિકામાં જન્મી અથવા પહોચી.આ છે એકલદોકલ વ્યક્તિના જીવનની દ્રઢતાનું પરિણામ.સાર એ છે કે ક્યારેય કોઇ જુલમગારોએ સમજવુ નહી કે તેઓ સદાને માટે છે અને ક્યારેય પીડીતોએ આશા ગુમાવવી નહી.

ભારતે મંડેલાની લડતને દિલથી સંપુર્ણ ટેકો આપ્યો હતો.દક્ષિણ આફ્રિકા સાથે કોઇપણ જાતના રાજકીય,આર્થિક કે સાંસ્કૃતિક સબંધો રાખ્યા ન હતા. ત્યાં સુધી કે દ.આફ્રિકા સાથે ક્રિકેટ પણ રમાતી ન હતી અને ગાયક કિશોરકુમાર એક સમયે દ.આફ્રિકામાં કાર્યક્રમ આપીને આવ્યા ત્યારબાદ ભારતમા આકાશવાણી પર એમના ગીતો વગાડવા પર પ્રતિબંધ મુકાયો હતો.એ સમયે રાષ્ટ્રીય પ્રસારણમાં એક માત્ર આકાશવાણી જ હતું.આઝાદી મેળવ્યા પછી ૧૯૯૦માં નેલ્સન મંડેલા ભારતની પ્રથમ મુલાકાતે આવ્યા હતા. એ વખતે કોલકત્તાનું સૌથીમોટું ઇડન ગાર્ડનનું સ્ટેડિયમ અને મેદાન છલોછલ ભરાઇ ગયા હતા.લોકો બહાર ઉભા રહી ગયા હતા. ત્યારના બંગાળના મુખ્યમંત્રી સાથે મંડેલાના યજમાન જયોતિ બાસુ પણ લોકોનો ઉમંગ જોઇ વિસ્મય પામી ગયા હતા.મંડેલા માત્ર દ.આફ્રિકાની પ્રજા માટે જ માનવ અધિકારોના જ્યોતિર્ધર રહ્યા ન હતા.સમગ્ર વિશ્વના એ પ્રખર રાજપુરુષ હતા.ભારત સરકારે પ્રથમ વખત ભારત બહારના નેતાને ભારતરત્નનો ઇલકાબ આપ્યો તેમાં ઇલકાબનું મુલ્ય પણ ઘણું ઉંચે જાય છે.

મદીબાની આફ્રિકન નેશનલ કોંગ્રેસ,કોન્ફેડરેશન ઓફ સાઉથ આફ્રિકન ટ્રેડ યુનિયન્સ અને સાઉથ આફ્રિકન કોમ્યુનીસ્ટ પાર્ટી સાથે મળીને પ્રથમ સરકારની રચના કરી.મંડેલામાં રાજકીય શાણપણ, રાજકીય હિંમત અને નિખાલસતા ભારોભાર હતી.કોઇ વાત એ છુપાવવા માંગતા નહોતા.જે સાચુ અને સારુ હોય તે પગલું ભરવામાં ડરતા નહીં. કોઇકે એમને પુછ્યુ કે આજ સુધી ખાસ લોકપ્રિય ન હતા એવા સામ્યવાદીઓ આપણો ઉપયોગ કરી રહ્યા હોય તેવું તમને લાગતું નથી.?જવાબમાં મંડેલાએ કહ્યું કે આપણે પણ તેઓનો ઉપયોગ જ કરી રહ્યા છીએને ! મહત્વની વાત એ છે કે મંડેલાએ ગર્વ.ઓફ નેશનલ યુનીટીની રચના કરી. જેમાં પ્રથમ પાંચ વરસ એ તમામ લોકોએ રાજ કરવાનું હતું જેમને ચુંટણીમાં પાંચ ટકાથી વધુ મત મળ્યા હોય.તેઓ અર્થ એ થયો કે જે નેશનલ પાર્ટીએ રંગભેદનું શાસન ચલાવ્યુ તે પણ સરકારમાં સામેલ થઇ શકી. (અપારથઇડ)ચલાવ્યું.કારણકે ગોરાઓની વસતિ પણ ઘણી મોટી છે. નેશનલ પાર્ટીના શાસનમાં જે એક વખત પ્રમુખ હતા તે દ.કલાર્કને મંડેલાએ સરકારમાં ઉપપ્રમુખ તરીકે જોડાવાનું આમંત્રણ આપ્યું.અને ગોપાલકૃષ્ણ ગાંધી લખે છે કે સૌથી અચંબો એ વાતનો થયો કે દ.ક્લાર્ક જોડાવા માટે સંમત પણ થયા.

દક્ષીણ આફ્રિકામાં ભારતીયોની ખાસ્સી મોટી વસતિ છે.તેમાં પણ દક્ષિણ ભારતીયો અને ગુજરાતીઓ મોટી સંખ્યામાં છે.વેપારી પ્રજા હોવાને કારણે ભારતીયો વ્યવહારકુશળ રહેવામાં માને. કાળી પ્રજા માનતી કે ભારતીયોએ ચળવળમાં મોટો હિસ્સો લીધો નથી.આમ છતાં મોટી સંખ્યામાં ભારતીયો દક્ષિણ આફ્રિકાને રંગભેદમાંથી મુક્તિ અપાવવા માટે લડ્યા હતા. જેમાં મહાત્મા ગાંધીના પુત્ર મણીલાલ ગાંધી,મોન્ટી નાઇકર અને યુસુફ દાદુ વગેરે પ્રમુખ હતા.જો કે ભારતીય પ્રજાના કૌશલ્ય અને સામાજિક પ્રદાન માટે આફ્રિકન પ્રજાને ભારતીયો પ્રત્યે માન હતું. ગોપાલકૃષ્ણ ગાંધી જણાવે છે કે નેલ્શન મંડેલા પ્રમુખ બન્યા પછી અનેક ભારતીય મુળના દક્ષિણ આફ્રિકાનોને પોતાની કેબિનેટમાં સમાવ્યા હતા.સંસદના પ્રથમ સ્પીકર પણ મુળ ભારતીય અને ચીફ જસ્ટીસ તરીકે મુળ ભારતીયની નિમણુંક કરી.એ વખતે પણ નેલ્સન મંડેલાને પુછવામાં આવ્યું હતું કે ભારતીય સમાજની વસતિના પ્રમાણમાં તેને સરકારમાં વધુ પ્રતિનિધિત્વ અપાયું શું નથી ? જવાબ માં મંડેલા કહ્યું હતું રંગભેદ વિરોધી આંદોલનમાં ભારતીયોએ જે યોગદાન આપ્યું છેતેના પ્રમાણમાં આટલું પ્રતિનિધિત્વ ઓછું છે.

લેખક : વિનોદ પંડ્યા(સૌ. સંદેશ)

# ધર્મ,જાતિ કે આસ્થા સાથે કોગ્રેસને કોઇ લેવાદેવા નથી : કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી



કોગ્રેસ મુસ્લીમોની પાર્ટી છે એમ કહીને રાહુલ ગાંધી મુસ્લીમ તુષ્ટીકરણ કરી રહ્યા હોવાના ભાજપના આરોપોનો જવાબ આપતાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ એક ટ્વિટમાં જણાવ્યુ હતું કે હું છેક છેવાડાના માનવી સાથે છું.હું શોષિત,પછાત અને સતાવાયેલા માનવીની સાથે છું.તેમના ધર્મ,જાતિ કે આસ્થાની સાથે મારે કોઇ લેવાદેવા નથી. હું પીડામાં રહેલા લોકોને શાંત્વન આપું છું.હું ધિક્કાર અને ભયને નાબદુ કરું છું. હું તમામ સજીવને પ્રેમ કરુ છું.હું કોગ્રેસ છું.

રાહુલ ગાંધીનું આ ટ્વિટ કોગ્રેસ મુસ્લીમોની પાર્ટી છે તેવા ભાજપના આરોપોના જવાબ માનવામાં આવે છે.તાજેતરમાં એક ઉર્દુ અખબારે રાહુલ ગાંધીને ટાંકીને મથાળુ બાંધ્યુ હતું કે હા કોગ્રેસ મુસ્લીમોની પાર્ટી છે.ઉર્દુ અખબારે જણાવ્યુ હતું કે મુસ્લીમ વિદ્વાનો સાથેની બેઠકમાં રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે કોંગ્રેસ મુસલમાનોની પાર્ટી છે. આ અહેવાલ છપાયાચ બાદ ભાજપ દ્વારા સતત કોગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કરવામાં આવી રહ્યા છે.પરંતુ રાહુલ ગાધીએ કહેલી વાતને મરોડવામાં આવી રહી છે તેવું જણાવાયું હતું.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીઆદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રી: રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.